

ઉંઝામા આજે ૧૮મી શતાબ્દી રજતજયંતિ મહોત્સવનો શ્રધ્ધા અને ઉમંગપૂર્ણ વાતાવરણમાં દબદબાભેર પ્રારંભ થયો હતો. સવારે નિજમંદિરે સહસ્ત્રચંડી મહાયજ્ઞની ઉજવણીથી શરૂઆત થઇ ત્યારે લાખો ભક્તજનોએ યજ્ઞના દર્શન કર્યા હતા. સાંજે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ દીપ પ્રગટાવીને મહોત્સવનું ઉદઘાટન કર્યું હતુ. પાટીદાર સમાજના અગ્રણીઓએ મુખ્યમંત્રીને ફૂલનો મોટો હાર પહેરાવીને સ્વાગત કર્યું હતું.
(તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

## ઉંઝામાં ઉમિયા માતા મહોત્સવ ઉદઘાટનમાં મુખ્યમંત્રી

# પાટીદાર સમાજ ભ્રૂણહત્યાને નહી રોકે તો લગ્ન માટે રશિયાથી કન્યાઓ લાવવી પડશે

અમદાવાદ, શનિવાર

ઉંઝામાં ઉમિયા માતાજીના ૧૮મા શતાબ્દી રજતજયંતિ મહોત્સવનો આજથી પ્રારંભ થયો છે. આગામી તા. ૨જી સુધી ચાલનારા આ મહોત્સવનું ઉદઘાટન મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવ્યું હતું. દિપ પ્રાગ્ટય કર્યા બાદ મુખ્યમંત્રીએ પાટીદાર સમાજમાં દિકરીઓની ઘટતી જતી સંખ્યા અંગે ચિંતા વ્યક્ત કરીને ભ્રૂણ હત્યા રોકવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત મહોત્સવમાં ઉપસ્થિત લાખો ખેડૂતોને પોતાના ખેતરોમાં ટપકસિંચાઇ પધ્ધતિનો અમલ કરવા સૂચન કરીને આ માટેના સંકલ્પ લેવડાવ્યા હતા.

## ટપકસિંચાઇ પધ્ધતિથી જળસંકટનો સામનો કરવા શપથ લેવાડાવ્યા

## લોકોએ વર્ષમાં ૧૦૦ કલાક સમાજને આપવા જોઈએ

માતા ઉમિયાના ધામ ઉંઝા ખાતે આજથી શરૂ થયેલો મહોત્સવ આગામી તા. ૨જી ડિસેમ્બર સુધી ચાલશે. માતાજીના મહોત્સવનું ઉદઘાટન કર્યા બાદ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાત સહિત વિશ્વભરમાંથી આવેલા પાટીદાર સમાજ સહિતના લાખો ભક્તોને સંબોધતા જણાવ્યું હતુ કે સમગ્ર દેશમાં આજે પુત્રની સામે પુત્રીઓની સંખ્યા ઘટી રહી છે. પાટીદાર સમાજ પણ આમાંથી બાકાત નથી.

આજે દર ૧૦૦૦ની સામે ૮૦૦ દિકરીઓ છે. આજે પણ પાટીદાર સમાજમાં ભ્રૂણ હત્યા થઇ રહી છે. આ પરિસ્થિતિમાં બદલાવ લાવવામાં નહી આવે તો વિકટ સમસ્યા ઉભી થશે.

આજે પાટીદાર સમાજના કેટલાક યુવાનોને લગ્ન માટે યુવતીઓ ન મળતાં આદિવાસી કન્યાઓ સાથે પરણવું પડે છે.

ભ્રૂણહત્યા ચાલુ રહી તો આગામી દિવસોમાં લગ્ન કરવા માટે રશિયાથી કન્યાઓ મંગાવવી પડે તેવી પરિસ્થિતિ ઉભી થાય તેવી શકયતાં છે. આ ઉપરાંત માતાના મહોત્સવમાં ઉપસ્થિત રહેલા લાખો પાટીદાર ખેડૂતોને પોતાના ખેતરમાં ટપકસિંચાઇ પધ્ધતિ અપનાવવા પણ મુખ્યમંત્રીએ અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે ભૂતકાળમાં હુ સુરત ગયો ત્યારે ત્યાંના ખેડૂતોને મે ટપકસિંચાઇ પધ્ધતિનો અમલ કરવા સૂચન કર્યું હતું.

જળસંકટની સમસ્યનો સામનો કરવા માટે આ શ્રેષ્ઠ વિકલ્પ છે. સુરતમાં આ પધ્ધતિના અમલથી ઉત્પાદનમાં ૧૨ ટકા વધારો થયો હોવાનું નોંધાયું છે. ઉંઝાના મહોત્સવમાં ઉપસ્થિત રહેલા લાખો લોકોને આગામી દિવસોમાં ટપકસિંચાઇ પધ્ધતિનો ઉપયોગ કરીને જળસંકટમાંથી બહાર આવવા માટેના શપથ પણ લેવડાવ્યા હતા. માતાજીના મહોત્સવ માટે છેલ્લા કેટલાય મહિનાઓથી સેવા આપી રહેલા પાટીદાર સમાજ ઉપરાંત અન્ય સમાજના આગેવાનો સહિતની જનમેદનીને સંબોધતાં મુખ્યમંત્રીએ કહ્યું કે માતાજીનો પ્રસંગ છે જેમાં સમાજ અને લોકોએ જે પ્રકારે મન મુકીને કામ કર્યુ છે તે આજે જોવા મળી રહ્યું છે. દરેક લોકોએ વર્ષમાં ૧૦૦ કલાક સમાજ માટે કાઢવા જોઇએ. આ સમય આરોગ્ય, શિક્ષણ અને સફાઇ માટે આપીને સમાજમાં બદલાવ લાવી શકાય તેમ છે.